## સાબરકાંઠા-અરવલ્લીમાં ઉનાળાનું આગમન, તાપમાનનો પારો ૨૯ ડિગ્રીને પાર

### આગામી તારીખ ૧૩ ના રોજ સર્વાધિક ૩૧ ડિગ્રીને આંબશે : દિવસે ગરમી રાત્રે ઠંડીના કારણે હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળાનું આગમન થઈ ચુક્યું છે. છેલ્લા ૪ દિવસથી તાપમાનનો પારો ૨૯ ડિગ્રીને પાર કરી ગયો છે. આગામી તારીખ ૧૩, ફેબ્રુઆરીએ તાપમાનનો પારો ૩૧ ડિગ્રીને આંબી જાય તેવી આગાહી થઈ છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીના કારણે મિશ્રઋતુના કોપથી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. જ્યારે રાયડાની કાપણી શરૂ થતાં મોલોમશીનો ઉપદ્રવ વધતાં વાહનચાલકોને વાહન હંકારવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જ્યારે લગ્નના અવસરમાં ભોજન ડીશમાં મોલોમશી ત્રાટકતાં ખોરાકનો મોટાપાયે બગાડ થઈ રહ્યો છે.

નવા વર્ષ સાથે અનેક દુઃખદ ઘટનાઓ ભૂલવાની સાથે કુદરતનો ક્રોપ ઓછો રહેશે તેવી સંભાવના ઠગારી નિવડી છે. નવા વર્ષના આરંભે કોરોનાની ત્રીજી લહેરે જિલ્લાની પ્રજા અને વહિવટીતંત્રને હચમચાવી નાખ્યું છે. કોરોનાની ત્રીજી લહેરમાં ૭ જિંદગીઓ ભરખાઈ છે. જ્યારે સતત કેસમાં ઉછાળો આવ્યા પછી સંક્રમણ ઘટતાં પ્રજાને રાહત થઈ રહી છે. પરંતુ કોરોનાના કારણે ધંધાકીય રીતે વેપારીઓને થયેલું નુકસાન ભરપાઈ કરવું મુશ્કેલ બન્યું છે. ખેડૂતોને પાક ઉપજ માટે ઠંડીનો સારો રાઉન્ડ મળતાં સર્વાધિક પાક ઉત્પાદનની આશા છે પરંતુ ફરી એકવાર કમોસમી માવઠાની આગાહીથી ખેડૂતપુત્રોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જ્યારે પાછલા ચાર દિવસથી જિલ્લામાં ઉનાળાનો પગરવ શરૂ થયો છે. તાપમાનનો પારો ૨૯ ડિગ્રીને વટાવી ચૂક્યો છે. આગામી દિવસોમાં તાપમાનનો પારો ૩૧ ડિગ્રીને પાર કરશે ત્યારે પ્રજા માટે ઠંડક આપતાં ઉપકરણનો સહારે આગામી દિવસો પસાર કરવા પડે તેવી સ્થિતિ આવી પડશે.

## બાયડ વિધાનસભામાં ભાજપની ટીકીટ લેવા આગેવાન મહાદેવના શરણે..!

### પોતાને ટીકીટ મળશે તો મંદિરના જીર્ણોદ્ધારનો સંકલ્પ લીધો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

બાયડ વિધાનસભામાં ભાજપની ટીકીટ મેળવવા માટે એક આગેવાન મહાદેવના શરણે પહોંચ્યા છે. પાછલી ૩ વિધાનસભા બેઠકમાં એકપછી એક દેવી-દેવતાઓ બદલ્યા પછી કોઈએ ભગવાન શિવજી તમારી મનોકામના પૂર્ણ કરશે તેવું ઠશાવતાં ગત રવિવારે મહાદેવ મંદિરમાં જલાભિષેક પછી પોતાને ટીકીટ મળશે તો મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ લીધાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચુંટણીના પરીણામ પછી ગુજરાતમાં ચુંટણી વહેલી યોજાશે કે પછી નિયત સમયે યોજાશે તેની અટકળો ચાલી રહી છે. આ બધા વચ્ચે અરવલ્લી વિધાનસભાની ત્રણેય બેઠકો ઉપર ભાજપ નવા મૂરતિયાઓને મેદાનમાં ઉતારશે તે નિશ્ચિત બન્યું છે. ભિલોડામાં આદિવાસી અનામત બેઠક હોવાથી હવે મોડાસા અને બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં પણ ક્ષત્રિય, ઠાકોર મતદારોનું પ્રભુત્વ જોતાં ભાજપ તેના ગણિતમાં કોઈ ફેરફાર કરે તેવું દેખાતું નથી પરંતુ વર્ષ-૨૦૧૯માં યોજાયેલી બાયડ વિધાનસભા પેટા ચુંટણીમાં કોંગ્રેસએ પાટીદાર ઉમેદવાર જશુભાઈ શિવુભાઈ પટેલને મેદાનમાં ઉતારી અકલ્પનીય જીત મેળવતાં ભાજપ બાયડ વિધાનસભા બેઠક ઉપર પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતારે તેવી સંભાવના નહિવત હોવા છતાં હવે કેટલાંક ઉમેદવારોમાં બાયડ વિધાનસભાની ભાજપની ટીકીટ મળે તો આસાનીથી વિજય મળે તેવી ધારણા બાંધી છે. આ બધા વચ્ચે ભાજપની ટીકીટ લેવા માટે એક આગેવાન દ્વારા અત્યારથી જ સરપંચોના સંપર્ક કરી તેમના લેટરપેડ ઉઘરાવવાની શરૂઆત કરી છે. પરંતુ આ મહાશય બાયડના બજારમાં નીકળે તો તેમને કોઈ ઉધાર એક કપ ચા આપવા માટે પણ તૈયાર નથી અને મહાદેવના મંદિરના જીર્ણોદ્ધારનો સંકલ્પ લેતાં મહાશય ભગવાન શિવજીને તો નહિ છેતરે ને તેવી ગરમા-ગરમ ચર્ચા શરૂ થઈ છે. જ્યારે પોતાને ટીકીટ ન મળે તો કોઈપણ ભોગે બાયડ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપમાં વધુ ખેંચતાણ છે તેવું પ્રદેશ હાઈકમાન્ડ ને ઠસાવી પોતાની પત્નીને ટીકીટ આપવાનો પ્લાન પણ બી-પ્લાન તરીકે અમલી બનાવ્યાનો તેમના નજીકના ટેકેદારોએ જણાવ્યું છે.

### ભાવિ ઉમેદવારની કારમાં પંક્ચર પડ્યું, બાકીમાં ટ્યુબ પણ ન મળી

ચુંટણી આવે ત્યારે લગ્ને લગ્ને કુંવારા જેવા ઉમેદવારે ભાજપની ટીકીટ મેળવવા માટે સરપંચો પાસેથી લેટરપેડના ઉઘરાણાં શરૂ કર્યા છે. પરંતુ કહેવાતા આ ઉમેદવારની શાખ તળીયે છે. ત્રણ દિવસ અગાઉ બાયડ ડીપ નજીક કારમાં પંક્ચર પડ્યું અને પંક્ચર પડેલી કાર હંકારીને બાયડમાં આવ્યા જેથી ટ્યુબ ખરાબ થઈ ગઈ હતી. ટ્યુબ બદલવાની આવી પરંતુ બાકીમાં કોઈએ ન આપતાં બે કલાક સુધી કાર બાયડમાં જ થોભેલી જોવા મળી. આવા ઉમેદવાર ચુંટાયા પછી બાયડ વિધાનસભા મતક્ષેત્રના મતદારોનું અને લોકોનું શુ ભલું કરશે ? તે વિચારવા જેવું ખરું.

## બાયડ તાલુકામાં ગેરકાયદે વૃક્ષછેદનમાં મોડાસાના અધિકારીઓની મીલીભગત

### રાત્રે અકસ્માત સર્જે તેવા ટ્રેક્ટરોમાં ચોરી કરીને લઈ જવાતું લીલું લાકડું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લી જિલ્લાના ભ્રષ્ટ વન વિભાગના કારણે બાયડ તાલુકા સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં ગેરકાયદે વૃક્ષછેદન પ્રવૃત્તિએ માજાં મુકી છે. મોડાસામાં બેઠેલા ભ્રષ્ટ અધિકારીના ઈશારે વૃક્ષછેદન પ્રવૃત્તિને કાયમી બનાવ્યાની લોકચર્ચા સંભળાય છે ત્યારે ગાંધીનગરથી સીધી રાત્રે જ તપાસ હાથ ધરાય તો સ્થાનિક ભ્રષ્ટ વન વિભાગના અધિકારીઓને પર્દાફાશ થાય તેમ છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકામાં મોટાભાગે તમામ વિભાગમાં ભ્રષ્ટ્રાચારનો અજગરી ભરડો જોવા મળી રહ્યો છે. બાયડ મામલતદાર કચેરીમાં મલાઈદાર ટેબલ સંભાળતો કારકૂન વહિવટમાં માહેર થઈ જતાં અરજદારના અઘરાં કામ નજીકના આવેલા શૌચાલયમાં લઈ જઈ ખીસાં ભરી તાબડતોબ પૂરાં કરી આપે છે અને અન્ય અરજદારો દિવસોના દિવસો સુધી ધક્કા ખાય ત્યાં સુધી નિકાલ થતો નથી. કેટલાંક વિવાદી કિસ્સામાં કેસનો ઉકેલ તેમની તરફેણમાં લાવી આપવા માટે પણ અગાઉથી જ રૂા.૫૦,૦૦૦ થી રૂા.૧,૦૦,૦૦૦ પડાવ્યાની ફરીયાદો ચોઈલા અને તેનપુરના કેટલાંક ખેડુતોએ કરી છે. છતાં મલાઈદાર ટેબલ છોડું છોડું કરીને છેલ્લા બે વર્ષથી છોડતો ન હોવાનું પણ જગજાહેર છે. ત્યાર બાદ વનવિભાગમાં ગેરકાયદે વૃક્ષછેદન પ્રવૃત્તિને તંત્રએ પીળો પરવાનો આપ્યા જેવી સ્થિતિ જોવા મળી છે. વિભાગના આર.એફ.ઓ.ના આશિર્વાદથી બાયડ તાલુકાની ભ્રષ્ટ ટોળકીએ દિવસે અદશ્ય થઈ જાય છે અને રાત્રે તેમની સવાર શરૂ થાય છે. દરરોજ ૪૦ થી વધુ ટ્રેક્ટર લીલું લાકડું ભરેલાં ટ્રેક્ટરો પોલિસ સ્ટેશન અને પ્રાંત કચેરી આગળથી પસાર થતાં હોવા છતાં પાછલા એક મહિનામાં લીલાં લાકડું ભરેલું એકપણ ટ્રેક્ટર પકડવામાં આવ્યું નથી. લોકવાયકા એવી છે કે ટ્રેક્ટરદીઠ દરમહિને રૂા.૧૦,૦૦૦નું ઉઘરાણું થઈ રહ્યું છે. ઉચ્ચ કક્ષાએથી વનવિભાગ દ્વારા ઓચિંતી તપાસ થાય તો રાત્રે ચાલતો ગેરકાયદે લીલાં લાકડાનો કારોબાર પ્રકાશમાં આવી શકે છે. લીલાં લાકડાની ગેરકાયદે હેરાફરી કરનારા કેટલાંક વીરપન્નો જાહેરમાં બોલી રહ્યા છે કે, અમે ઉચ્ચ અધિકારીઓના અનેક કૌભાંડ જાણતાં હોવાથી તેઓ અમારું કશું જ બગાડી શકે તેમ નથી.

## અરવલ્લી જિલ્લામાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના આયોજન અંગે કલેક્ટરના અધ્યક્ષસ્થાને વર્ચ્યુંયલ બેઠક યોજાઈ

સમગ્ર રાજ્યમાં ફેબ્રુઆરી માસમાં ગરીબ કલ્યાણ મેળા યોજાનાર છે જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં આગામી ૨૪ ફેબ્રુઆરીએ યોજાનાર ગરીબ કલ્યાણ મેળાના આયોજન અંગે કલેક્ટર શ્રી નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષસ્થાને વર્ચ્યુંયલ બેઠક યોજાઈ હતી. રાજ્ય સરકારના ગરીબી ઉન્મૂલન માટેના મહત્વાકાંક્ષી ગરીબ કલ્યાણ મેળામાં છેવાડાના ગરીબ વ્યક્તિને તેનો લાભ મળી રહે તે માટેનુ ખાસ આયોજન થાય તે માટે રાજ્યની સંવેદનશીલ સરકાર સતત સક્રિય રહીને લાભાર્થીને યોજનાકીય લાભ આપવા આગામી ૨૪,૨૫,૨૬ ફેબ્રુઆરીએ સમગ્ર રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે. જેમાં અરવલ્લીનો જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૨૪ ફેબ્રુઆરી મોડાસા ખાતે યોજાશે. આ ગરીબ કલ્યાણ મેળામાં ગામડાના જરૂરિયાતમંદ લાભાર્થીઓને અગ્રતા આપી એક મંચ પરથી વિવિધ યોજનાકીય સાધન સહાયથી ગરીબ લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવશે, જેમાં દરેક અમલીકરણ અધિકારીઓ ખાસ રસ લઈ પોતાના વિભાગની યોજનાઓના લાભાર્થીઓની યાદી તૈયાર કરી આ મેળા થકી વધુમાં વધુ લાભાર્થીઓને સરકારી સહાય મળી રહે તે માટે આયોજન કરવા કલેક્ટરશ્રીએ અધિકારીઓને જરૂરી સુચના આપી હતી.

## ભિલોડામાં સપ્લાયર ઉપર હુમલો કરી એક લાખની લૂંટ

### તાલુકા પંચાયત આગળ અસામાજીક તત્વોની દાદાગીરી

બાયડ, તા. ૧૦

ભિલોડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ લકવાગ્રસ્ત બનતી હોય તેમ તાલુકા પંચાયત કચેરી આગળ ગવર્નમેન્ટ યોજનાઓમાં સરસામાન પૂરો પાડતા સપ્લાયરને લોખંડની પાઈપ તેમજ લાકડીઓથી ફટકારી ખિસ્સામાંથી રૂ. ૧ લાખની લૂંટ ચલાવાતાં પોલીસ ફરિયાદ થઈ છે. ધોળે દિવસે લૂંટ અને ધાડનો બનાવ છતાં પોલીસ મુક પ્રેક્ષક હોય તેવા વારંવારના બનાવોથી ખાખી વર્દી સામે સલામતી મુદ્દે અનેક પ્રશ્ન ઉભા થયા છે. બનાવ અંગે ભિલોડા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લાના વેપારી મથક ભિલોડામાં અસામાજીક તત્વોને પોલીસનો ડર રહ્યો નથી જેથી હિંસક હુમલા તેમજ લૂંટના બનાવ સમયાંતરે પોલીસ દફતરે નોંધાતા હોય છે. ધનસરા તાલુકાના શીકાના વતની અને છેલ્લા કેટલાક સમયથી મોડાસામાં ઉત્સવ હાઈસમાં રહેતા સપ્લાયર પારસકુમાર રમેશભાઈ ચૌધરી આદિવાસી વિસ્તારોમાં સરકારી યોજનાઓમાં સરકાર દ્વારા અપાતા પંખા, તાડપત્રી સહિતની ચીજવસ્તુઓ સપ્લાય કરી રહ્યા છે. તા. ૮ના રોજ તેઓ યોજનાકીય કામ અર્થે ભિલોડા ગયા હતા જે સમયે તાલુકા પંચાયત કચેરી આગળ મહેન્દ્ર અસારી, રાજુ બોડાત તેમજ અન્ય ૫ થી ૬ જણના ટોળાએ પારસ ચૌધરી અને તેમની સાથેના હર્ષદભાઈને કહેલ કે તમારે અહીં આવવું નહીં તેમ કહી અપશબ્દો બોલતાં મામલો ગરમાયો હતો. દરમ્યાન ઉશ્કેરાયેલા ઈસમો લોખંડની પાઈપ તેમજ લાકડીઓથી તૂટી પડતાં ધમાચકડી મચી હતી. હુમલા દરમ્યાન ઈસમોએ સપ્લાયરના ખિસ્સામાંથી રોકડ રકમ લુંટી ધાડને અંજામ આપ્યો હતો. ધોળે દિવસે તાલુકા પંચાયત કચેરી આગળ ટોળાએ હુમલો કરતાં એક તબક્કે ઉત્તેજનાસભર દ્રશ્યો સર્જાયા હતા. બનાવ અંગે ભિલોડા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## એકબીજાને ખો આપવામાં ભૂલકાંઓનું ભાવિ અંધકારમય

### ધનસુરાની દેવીપૂજક વર્ગ શાળાને મંજૂરીનો પ્રશ્ન અદ્ધરતાલ : શિક્ષણ વિભાગે સંવેદના ગુમાવી

બાયડ, તા. ૧૦

ધનસુરા તાલુકાના જાલમપુરા નજીક દેવીપૂજક વર્ગ શાળાને મંજૂરી આપવાનો પ્રશ્ન ૨ વર્ષથી અદ્ધરતાલ રહ્યો છે. આ મુદ્દો ગરમાતાં તંત્રએ ફરી એકબીજાને ખો આપવાની શરૂઆત કરી છે અને નવેસરથી અરજી કરવાનું જણાવતાં શિક્ષણ વિભાગ સંવેદના ગુમાવતો હોવાનો આક્રોશ આ વિસ્તારના લોકો કરી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના અંતરીયાળ જાલમપુરા નજીકના દેવીપૂજક પરામાં આજે ભારત ૨૧મી સદીમાં પ્રયાણ કરતું હોવા છતાં ૧૮મી સદી જેવી દેવીપૂજક પરામાં હાલત છે. સડક અને પાણીની વ્યવસ્થાનો સદંતર અભાવ છે જેથી વર્ષ-૨૦૧૯માં તાલુકા પંચાયત ધનસુરા દ્વારા અહેવાલ પછી વર્ગશાળા શરૂ કરવામાં આવી જેમાં ૩૨ બાળકો અભ્યાસ માટે આવતા હતા. પરંતુ ૨ વર્ષ દરમ્યાન મકાનનો ઓરડો ન થતાં ગરીબ પરિવારના બાળકોને શિયાળા, ચોમાસા અને ઉનાળામાં છાપરામાં બેસીને ભણવાની નોબત આવી હતી. આ અંગે જિલ્લા વહીવટીતંત્ર અને ગાંધીનગર સુધી રજૂઆત પછી પણ ઉકેલ આવ્યો નથી.

આ મામલે સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો આક્રમક બનતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આ અંગે વિધિવત ફરીથી ઠરાવ કરી પ્રાથમિક શિક્ષણ નિયામકની મંજૂરી માંગવાનું ફરમાન થયું છે અને ૨ વર્ષ સુધી વર્ગ શાળામાં જે બાળકોએ અભ્યાસ કર્યો તેમના સર્ટી જાલમપુરા પ્રા.શાળામાં જમા કરી ફરીથી વર્ગ શાળામાં પ્રવેશ બતાવવા પણ અંદરખાને દબાણ થતું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે અગાઉ ગ્રામ પંચાયતનો ઠરાવ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી-ધનસુરા દ્વારા વર્ગ શાળાની જરૂરીયાત હોવાના અભિપ્રાય પછી પણ ૨ વર્ષ પછી નિર્ણય લેવાયો નથી અને તંત્રની પોલ ખૂલી એટલે બચવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની મંજૂરી માટે નવેસરથી દસ્તાવેજ કરવાની સૂચના અપાતાં શિક્ષણમાં આંધળુકીયું ક્યાં સુધી ચાલશે.?? તેવા સવાલ ઉભા થયા છે. જ્યારે વર્ગશાળાને મંજૂરી ન હતી તો પછી અત્યાર સુધી વર્ગશાળામાં વિદ્યાર્થીઓને ભણાવ્યા કેવી રીતે.?? શિક્ષકોને પગાર ચૂકવાયા કવી રીતે..?? તેવા ચોટદાર સવાલ થઈ રહ્યા છે.

### મંજૂરી શિક્ષણ સમિતિને આપવાની હોય : તજજ્ઞ

શિક્ષણ વિભાગના એક તજજ્ઞએ જણાવ્યું કે વર્ગ શાળા શરૂ કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની મંજૂરી લેવાની હોતી નથી. સ્થાનિક ગ્રામજનોની અરજી, પંચાયતનો ઠરાવ, દરખાસ્ત અને ત્યાર પછી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના અભિપ્રાય હકારાત્મક હોય તો જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિને વર્ગ શાળા મંજૂર કરવાનો અબાધિત અધિકાર હોય છે. પરંતુ જાલમપુરા નજીકની દેવીપૂજક વર્ગશાળા મુદ્દે જે હુંસાતૂસી શરૂ થઈ છે તે જોતાં કંઈક છૂપાવવામાં આવ્યું હોય તેવી ચિંતા પણ તજજ્ઞએ વ્યક્ત કરી છે.

### અગાઉની તપાસ પછી મારી પાસે કોઈ વિગત નથી...

ધનસુરા તાલુકા ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગોવિંદભાઈ દેશમુખે જણાવ્યું કે અગાઉની તપાસ પછી મારી પાસે કોઈ વિગત આવી નથી જે તે સમયે કરવા યોગ્ય રિપોર્ટ કરવામાં આવ્યો છે.

## મેઘરજમાં ટ્રાફિક વ્યવસ્થાનો અભાવ ટ્રક નીચે આવી જતાં બાઈકચાલકનું મોત

### ટ્રાફિક પોલીસ બજાર બહાર ચોકડી ઉપર વહીવટમાં વ્યસ્ત રહેતા લોકોમાં રોષ

મેઘરજ તા.૧૦

મેઘરજમાં છેલ્લા કેટલાય સમયથી અકસ્માતનો રાફડો ફાટ્યો છે. તેનું મુખ્ય કારણ ટ્રાફિક વ્યવસ્થાનો અભાવ જ જોવા મળી રહ્યો છે. રસ્તા ઉપર લોકો જયાં ત્યાં સાધન ઉભા કરી દેતાં રસ્તે પસાર થતાં વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. રસ્તાની હદ ઉપર માટી પડી રહેતા વાહન ચાલકો રોજના ગબડી રહ્યા છે. તેમજ રસ્તા ઉપર જયાં ત્યાં સાધનો પડી રહેતા છાશવારે લોકો ઝગડી રહ્યા છે.તેમજ રસ્તે ચાલતા આવતા જતાં રાહદારીઓ તો જીવ જોખમે નીકળી રહ્યા છે.જેથી તંત્ર સામે લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે.

આટલું થવા છતાંય પોલિસ મૂકપ્રેક્ષક બની તમાશો નિહાળી રહી છે. અને ઉન્ડવા રોડ ઉપર ધણીવાડા નજીક તેમજ મોડાસા રોડ ઉપર ગેલી માતાજી ના મંદિર નજીક ઉભા રહી ખુલ્લેઆમ વહીવટ કરી રહ્યા છે.ગુરુવારે સવારે માર્કેટયાર્ડની સામે બાઈક લઈને જઈ રહેલા બાઈક ચાલક નું બાઈક માટી ને કારણે સ્લીપ ખાઈ જતાં બાઈક ચાલક નું કરુણ મોત નિપજ્યુ હતું.

## હિંમતનગરમાં ડાલું ચાલકે એક્ટિવાને પાછળથી ટક્કર મારતાં માસૂમ બાળકનું મોત

બાયડ, તા. ૧૦

હિંમતનગરના પાંચબત્તી વિસ્તારમાં ડાલુંના ચાલકે એક્ટિવાને પાછળથી ટક્કર મારી ફંગોળી નાખતાં ૭ વર્ષના માસૂમ બાળકનું મોત નિપજ્યું છે. જ્યારે એક્ટિવા ચાલક મૃતકની જનેતા અને અન્ય પાડોશી મહિલાને ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં માસૂમ બાળકના અકાળે મોતથી પરિવાર ઉપરાંત નાયક સમાજમાં માતમ છવાયો છે. બનાવ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હિંમતનગરના સાબરડેરી વિસ્તારની સાબરવિલા રેસીડેન્સીમાં રહેતાં કોમલબેન પરેશભાઈ નાયક તેમના ૭ વર્ષના પુત્ર ઓમ સાથે પાડોશી દિપીકાબેન પટેલને સાથે લઈ એક્ટિવા ઉપર હિંમતનગરના મુખ્ય બજારમાં શાકભાજી ખરીદવા માટે ગયાં હતાં જ્યાંથી શાકભાજી ઉપરાંત અન્ય જરૂરી ચીજવસ્તુઓ ખરીદી ઘર તરફ જતાં હતાં જે સમયે પાંચબત્તી વિસ્તારમાં પૂરપાટ ઝડપે પસાર થતા ડાલા (નં. જી.જે.૧૮-બીટી-૪૫૮૪)ના ચાલકે એક્ટિવા (નં. જી.જે.૦૯-ડીઈ-૫૯૨૦)ને ટક્કર મારતાં સવાર ત્રણેય જણ ફૂટબોલની જેમ ફંગોળાઈ રોડ ઉપર પટકાયાં જેમાં ઓમને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત નિપજ્યું હતું. જ્યારે કોમલબેન નાયક અને દિપીકાબેન નાયકને ઈજા થતાં હોસ્પિટલમાં લઈ જવાયા હતા. એક્ટિવાને પાછળથી ટક્કર મારી બાળકને મોતને ઘાટ ઉતારનાર ચાલક સ્થળ ઉપર વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. આકસ્મિક અકસ્માતની ઘટનામાં બાળકનો ભોગ લેવાતાં શોક છવાયો છે.

## રીક્ષાચાલકનો પુત્ર સેકન્ડ ઈન લેફ્ટનન્ટ બન્યો

### ઉત્તર ગુજરાતના હેમલ શ્રીમાળીએ યુ.પી.એસ.સી.ની અઘરી એન.ડી.એ. પરીક્ષામાં પાસ : ૧૮ વર્ષ પહેલાંનું સૈનિક બનવાનું સ્વપ્ર કર્યું સાકાર

બાયડ, તા. ૧૦

કહેવત છે કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. ઉત્તર ગુજરાતના વડનગર તાલુકાના કહીંપુર ગામના યુવાને ૧૮ વર્ષ પહેલાં સૈનિક બનવાનું સ્વપ્ર સેવ્યું અને યુ.પી.એસ.સી. દ્વારા એન.ડી.એ.ની પરીક્ષામાં સફળતાપૂર્વક પાસ થઈ સેકન્ડ ઈન લેફ્ટનન્ટ તરીકે પસંદગી થઈ. ગઈકાલે ટ્રેન મારફતે પુના નજીકની નેશનલ ડિફેન્સ એકેડેમી ખડક્વાસલા તાલીમ માટે રવાના થયો ત્યારે કહીંપુર ગામ અને મિત્રોમાં અપાર ખુશાલી જોવા મળી.

કોઈપણ ધ્યેય નક્કી કરીને પૂર્ણ કરવાનો સંકલ્પ લેવાય તો તે સિદ્ધ થાય છે પરંતુ તે માટે અથાક પરીશ્રમ કરવો પડતો હોય છે. વાત છે મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના કહીંપુર ગામના શ્રીમાળી પરિવારની. અત્યારે અમદાવાદમાં રીક્ષા ચલાવતા મુકેશ શ્રીમાળીના પુત્ર હેમલ જ્યારે બાલમંદિરમાં અભ્યાસ કરતો ત્યારે કોઈ તેને પૂછે કે બેટા તું મોટો થઈને શું બનીશ તો તે સૈનિક બનીશ તેમ કહેતો અને નર્સરીના પ્રવેશ ફોર્મમાં પણ સૈનિક બનવાની તમન્ના વ્યકત કરી હતી. વર્ષ-૨૦૦૪ ની સાલમાં હેમલ શ્રીમાળીએ જોયેલું આ સ્વપ્ર વર્ષ-૨૦૨૨ના વર્ષમાં સિદ્ધ થયું. યુ.પી.એસ.સી. દ્વારા એન.ડી.એ.ની અઘરી પરીક્ષા લેવામાં આવી જેમાં રીક્ષા ચાલકના ૧૭ વર્ષના પુત્ર હેમલ શ્રીમાળી ઉત્તિર્ણ થયો અને શ્રીમાળી પરિવાર સહિત તેના મિત્રોમાં અપાર ખુશાલી છવાઈ છે. સરકારી અધિકારી પ્રદિપ શ્રીમાળીએ જણાવ્યું કે મારો ભત્રીજો હેમલ ધો.૫ સુધી ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરી બાલાછડી સૈનિક સ્કૂલમાં કઠીન પરીક્ષા આપીને ધો. ૬ માં પ્રવેશ મળ્યો. ઘરની નબળી આર્થિક પરિસ્થિતિ વચ્ચે તેને સૈનિક બનવાના પોતાના સ્વપ્રને હંમેશાં આગળ ધપાવવાનો પ્રયાસ કર્યો. રીક્ષાચાલક તેના પિતા દ્વારા દર મહિને નાસ્તા માટે આપવામાં આવેલા પૈસામાંથી પણ બચત કરી અને યુ.પી.એસ.સી.ની એન.ડી.એ.ની પરીક્ષા આપી માં ભારતીની સેવાનું સ્વપ્ર સાકાર કર્યું છે. અભ્યાસ પૂરો થયો ત્યારે તેને પોકેટ મનીમાંથી બચાવેલા રૂ. ૧૮ હજાર તેના પિતાને આપ્યા ત્યારે શ્રીમાળી પરિવાર ભાવુક થયો હતો. ગતરોજ તે રેલવે માર્ગે ટ્રેનિંગમાં ભાગ લેવા માટે રવાના થયો ત્યારે મા ભારતીની સેવા



કરવાનો ખ્વાબ પૂર્ણ કરવાનું સ્વપ્ર હવે ખુબ નજીક હોવાનો ઉત્સાહ તેના ચહેરા ઉપર સ્પષ્ટ વર્તાતો હતો. એક રીક્ષાચાલકનો પુત્ર હવે દેશ સેવામાં પોતાનું મહત્વનું યોગદાન આપશે.